# ધોરણ - 6 સામાજિક વિજ્ઞાન એકમ - 1
## ચાલો ઈતિહાસ જાણીએ

# શ્રી નાણોટા પ્રાથમિક શાળા

SS
JOSHI

તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા



## સામાજિક વિજ્ઞાન

શ્રી સંજયભાઈ એસ. જોષી

९५२३२३५००५








તાડ નામના વૃક્ષના પાંદડા ઉપર જે લખાણ લખવામાં આવતું હતું તેને તાડપત્ર કહે છે.

આવા તાડપત્રો મંદિરો અને મઠોમાં પોથી સ્વરૂપે સચવાયેલા છે.








**હિમાલયમાં ઉગતા ભુર્જ નામના વૃક્ષની પાતળી આંતરછાલ ઉપર જે લખાણ લખવામાં આવતુ તેને ભોજપત્ર કહે છે.**

**આવા તાડપત્ર અને ભોજપત્ર ઉપર કવિતાઓ, મહાકાવ્યો, નાટકો વગેરે લખવામાં આવતું હતું.**









ધાતુ કે પથ્થર ઉપર કોતરીને લખવામાં આવતા લખાણોને અભિલેખો કહેવાય છે. સમ્રાટ અશોક ઘણા આવા શિલાલેખો કોતરાવ્યા છે.આપણા જૂનાગઢમાં ગિરનાર પર્વત પર આવો શિલાલેખ છે. અભિલેખો પરરમ લખવામાં આવેલું લખાણ લાંબો સમય સુધી ટકી રહે છે. પ્રાચીન ભારતનાં અનેક રાજાઓ, રાણીઓ, રાજ્યના નામ, ધર્મ ,વિજય, સંસ્કૃતિની માહિતી મળે છે.





તાંબાના પત્ર ઉપર કોતરીને લખવામાં આવતું લખાણ એટલે તામ્રપત્ર.
અનેક રાજાઓના વહીવટ તંત્ર અને દાનની માહિતી તેમાંથી મળે છે.
આવા તામ્રપત્રો શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર પાટણ , એલ.ડી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડોલોજી નવરંગપુરા ,અમદાવાદ , ભો.જે.અધ્યયન  અને સંશોધન વિદ્યાભવન અમદાવાદ , શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ,કોબા ગાંધીનગરમાં સચવાયેલા છે.







સિક્કા ઈતિહાસ જાણવાનો અગત્યનું સાધન છે.

સિક્કા પર રાજાનું નામ, ધર્મ, સંસ્કૃતિ અને સમયની માહિતી મળે છે.


ભારતમાં ઈ. પૂ. ૬મી સદીના " પંચમાર્ક "સિક્કા મળી આવ્યા છે, જે સૌથી જુના સિક્કા છે.

આ સિવાય ગ્રીક, મૌર્ય અને ગુપ્તયુગના સોના, ચાંદી તાંબાના સિક્કા મળે છે, જે તે રાજ્યની સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય માહિતી આપે છે.








**પુરાતત્વ શાસ્ત્રીઓ દ્વારા પ્રાચીન સ્થળ ઉપર ખોદકામ કરી મકાનો, સિક્કા, ઈંટો ,ઓજારો, પથ્થરો, ખોરાકના નમૂના, હાડકા વગેરેનો અભ્યાસ કરી ઈતિહાસ જાણી શકાય છે.**






**બીજા દેશોમાંથી ભારતનું જીવન જોવા અને જાણવા આવેલા મુસાફર ગ્રીક મુસાફર મેગેસ્થનીસ, ચીની મુસાફર ફાહિયાન અને યુ-એન-શ્વાન્ગ જેવાની નોંધો ઉપરથી પ્રાચીન ઈતિહાસ જાણી શકાય છે.**




**સિંધુ ખીણની સભ્યતાના હડપ્પા ,મોહેં જો દડો,**
**ધોળાવીરા ,લોથલ ,કાલીબંગન વગેરે નગરોનું ખોદકામ કરતા**
**પ્રાચીન સભ્યતાના અવશેષો મળી આવ્યા છે .**
**જે ઈતિહાસ જાણવા ખૂબ જ ઉપયોગી છે.**




ઈન્ડિયા શબ્દ ઈન્ડસ ઉપરથી ઉતરી આવેલો છે. જેને સંસ્કૃતમાં સિંધુ કહેવાય છે.


ઈરાની લોકો સિંધુ નદીને હિન્ડોસ અને ગ્રીકના લોકો ઈન્ડસ કહેતા.

સિંધુ નદીના પૂર્વ કિનારાને ઈન્ડિયા નામથી ઓળખતા.

ભારત એવું નામ ઋગ્વેદ માંથી જાણવા મળે છે. ભરત નામનો માનવ સમુહ ઉત્તર પશ્ચિમ ભારતમાં આવીને વસેલો .આ સમૂહનો ઉલ્લેખ સંસ્કૃત ની આરંભિક પ્રકૃતિ ઋગ્વેદમાં જોવા મળે છે.



ઈસુ ખ્રિસ્તના જન્મને દુનિયાની કાળગણના સાથે જોડવામાં આવે છે.
જેને આપણે ઈસવીસન કહીએ છીએ.
ઈસુના જન્મને 2000 વર્ષ થયા, એ પહેલાનો સમય ઈસવીસન પૂર્વે
તરીકે ઓળખાતો.




**ઈતિહાસમાં ઈ.સ.પૂ. અને ઈ.સ.ને સમજાવતી સમયરેખા**

ઘણી વાર સાલવારીને AD ને બદલે CE અને BCને બદલે BCE તરીકે પણ લખવામાં આવે છે.

**ઈસવીસન એટલે A. D. - ( anno domini )**

**ઈસવીસન પૂર્વે એટલે - B. C. - ( before christ )**

# 🙏 મુલાકાત બદલ આભાર 🙏

Tr. Sanjay Joshi Gujrat

Tr. Sanjay_Joshi_SS

શ્રી નાણોટા પ્રા. શાળા

9723237007

👉 સામાજિક વિજ્ઞાન વિષયની રસપ્રદ પ્રવૃત્તિઓ માટે જોડાયેલા રહો....